# 9 બાર મહિના

**ચર્ચાના મુદ્દા :**

❀ વર્ષમાં કેટલા મહિના છે, તેના ગુજરાતી નામ કયા છે ? ❀ દરેક મહિનાની શું ખાસિયત છે ?

દરેક મહિનો પોતાની સાથે કંઈક ખાસ લઈને આવે છે. જેમ કે ઠંડી, ગરમી, વરસાદ વગેરે. લોકો દરેક તહેવારને ઉજવે છે.



કારતકમાં આવી ટાઢ, માગશરમાં જામી;
પોષમાં આવી પતંગને, પછી ટાઢને ભગાડી.

મહા માસમાં વસંતપંચમી, ચોતરફ રંગ ગુલાલ;
ફાગણ માં આવી હોળી, રંગ ગુલાબી નીલો લાલ.

ચૈત્ર માસ લાવ્યો ગરમી, વેકેશન વૈશાખ,
જેઠમાં રમીએ ગિલ્લી દંડા, રમતાં બહુ લાગે થાક.

અષાઢ લાવે આંધી, વાદળો ઝરમર વરસે, ઝાઝા,
શ્રાવણ મહિને સરવર છલકે, મળે શાકભાજી તાજાં.

ભાદરવામાં ભીંડાનું શાક, લોકો હોંશે ખાય,
આસો માસમાં દિવાળી, ફટાકડાં ફોડાય.





# અભ્યાસ

## શબ્દાર્થ

Word Power

| | |
|---|---|
| ટાઢ = ઠંડી (Cold) | આંધી = વાવાઝોડું (speedy wind) |
| શાક = બકાલું, શાકભાજી (Vegetable) | ફટાકડા = ફૂટે તેવો પદાર્થ (Fire cracker) |

dictation

**શ્રુતલેખન :** માગશર, પોષ, વસંતપંચમી, ફાગણ, ચૈત્ર, વૈશાખ, શ્રાવણ

## સ્વાધ્યાય

### મૌખિક

Oral Expression
- description • recall
- reasoning

M.I. – • logical-mathmetical

૧. ઠંડીની ઋતુ કયા મહિનાઓમાં ગણાય છે ?

૨. વસંતપંચમી ક્યારે આવે છે ?

૩. ફાગણમાં કયો તહેવાર આવે છે ?

૪. વૅકેશન કયા માસમાં હોય છે ?

### લિખિત

Written Expression
- recall
- understanding

**૧. કોઈ પણ ત્રણ ગુજરાતી મહિના તેમાં આવતા એક-એક તહેવાર સાથે લખો.**

૧. વાદળ વધારે ક્યારે વરસે છે ?

૨. દિવાળી ક્યારે આવે છે ?

MCQs

**૨. નીચે દર્શાવાયેલમાંથી યોગ્ય ઉત્તર સામે ( ✓ )ની નિશાની કરો.**

૧. પતંગનો તહેવાર કયા મહિનામાં આવે છે ?

☐ અષાઢ ☐ ફાગણ ☑ પોષ ☐ કારતક

૨. ભીંડાનું શાક લોકો વધારે હોંશથી ક્યારે ખાય છે ?

☐ ચૈત્રમાં ☐ માગશરમાં ☐ શ્રાવણમાં ☑ ભાદરવ

૩. હોળી કયા માસમાં આવે છે ?

☑ ફાગણ ☐ ચૈત્ર ☐ વૈશાખ ☐ જેઠ

## મૂલ્યવર્ધક પ્રશ્ન. (Value based question)

દરેક ઋતુનું આપણા જીવનમાં શું મહત્ત્વ છે ?

Values -understanding
- importance
- different season

## ભાષાજ્ઞાન

### ૧. નીચેના શબ્દોને તેના પર્યાય દર્શાવતા શબ્દો સાથે લખો.

• synony

(Match the following word)

| | |
|---|---|
| ૧. વરસાદ | ૧. હોલિકા |
| ૨. ટાઢ | ૨. મહિનો |
| ૩. હોળી | ૩. વર્ષા |
| ૪. માસ | ૪. ઠંડી |

• Punctuation

### ૨. નીચેના વાક્યોમાં યોગ્ય જગ્યાએ અલ્પવિરામ અને પૂર્ણવિરામ લગાવો.

૧. ચૈત્ર, વૈશાખ અને જેઠ મહિનામાં ગરમીની ઋતુ હોય છે.

૨. દિવાળી અને નવરાત્રી આસો મહિનામાં આવે છે.

૩. કારતક, માગશર, પોષ શિયાળો હોય છે.

૪. ફળ, ફૂલ અને શાકભાજી શિયાળામાં તાજાં મળે છે.

### ૩. નીચેના શબ્દોનું બહુવચન લખો.

| | |
|---|---|
| મિઠાઈ - મિઠાઈઓ | નદી - નદીઓ |
| ફટાકડો - ફટાકડા | વાદળ - વાદળો |
| છોકરી - છોકરીઓ | કાગળ - કાગળો |
| પુરુષ - પુરુષો | કલમ - કલમો |

૨. ભીંડાનું શાક લોકો વધારે હોંશથી ક્યારે ખાય છે ?

☐ ચૈત્રમાં ☐ માગશરમાં ☐ શ્રાવણમાં ☑ ભા

૩. હોળી કયા માસમાં આવે છે ?

☑ ફાગણ ☐ ચૈત્ર ☐ વૈશાખ ☐

## મૂલ્યવર્ધક પ્રશ્ન. (Value based question)

દરેક ઋતુનું આપણા જીવનમાં શું મહત્ત્વ છે ?

Values -understandi
- importance
- different sea

## ભાષાજ્ઞાન

**૧. નીચેના શબ્દોને તેના પર્યાય દર્શાવતા શબ્દો સાથે લખો.**

(Match the following word)

• synony

| | |
|---|---|
| ૧. વરસાદ | ૧. હોલિકા |
| ૨. ટાઢ | ૨. મહિનો |
| ૩. હોળી | ૩. વર્ષા |
| ૪. માસ | ૪. ઠંડી |

• Punctuation

**૨. નીચેના વાક્યોમાં યોગ્ય જગ્યાએ અલ્પવિરામ અને પૂર્ણવિરામ લગાવો.**

૧. ચૈત્ર, વૈશાખ અને જેઠ મહિનામાં ગરમીની ઋતુ હોય છે.

૨. દિવાળી અને નવરાત્રી આસો મહિનામાં આવે છે.

૩. કારતક, માગશર, પોષ શિયાળો હોય છે.

૪. ફળ, ફૂલ અને શાકભાજી શિયાળામાં તાજાં મળે છે.

**૩. નીચેના શબ્દોનું બહુવચન લખો.**

| | |
|---|---|
| મિઠાઈ - મિઠાઈઓ | નદી - નદીઓ |
| ફટાકડો - ફટાકડા | વાદળ - વાદળો |
| છોકરી - છોકરીઓ | કાગળ - કાગળો |
| પુરુષ - પુરુષો | કલમ - કલમો |